પત્ર ક્રમાંક:- ક-૩/પ.૨.ચ/૪૫/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
છોટાઉદેપુર
તારીખ: ૦૪/૦૨/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, બિનસરકારી ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ
માધ્યમિક ઉ. માધ્યમિક શાળાઓ તમામ.

વિષય : ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ગુજકોસ્ટ દ્વારા આયોજિત STEM ક્વીઝ સ્પર્ધામાં રજીસ્ટ્રેશન કરવાનું આયોજન કરવા બાબતે.

સંદર્ભ : સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી માધ્યમિક, કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગર ગુજરાત રાજ્ય ગાંધીનગર ના પત્ર : ઘ/માધ્ય/પરચ/STEM/૨૦૨૧-૨૨/૨૨૩૬૦-૬૧ ના તા. ૩૦/૧૨/૨૦૨૧ પત્ર સંદર્ભે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝનું રાજ્ય કક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, ઈજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે. આ ક્વિઝના માધ્યમથી જીલ્લાના વિદ્યાર્થીઓમાં સ્ટેમ બાબતે ભાગ લેવાથી જ્ઞાન અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે.

સ્ટેમ ક્વિઝ માટેનું રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયું છે જે ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધી ચાલુ રહશે. ક્વિઝ નું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહશે. ક્વિઝ રજીસ્ટ્રેશન: https://gujcost.co.in/ પરથી કરવાનું રહશે. સ્પર્ધાની તારીખ અને અન્ય તમામ વિગતો આનુસંગિક માહિતી માટે ઉત્થાન લોક વિજ્ઞાન કેન્દ્ર છોટાઉદેપુર (કોઓર્ડીનેટર મો. ૯૯૨૪૭૪૩૦૨૭) અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવાનો રહશે. શાળાના તમામ ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાય અને ભાગ લે તે માટે યોગ્ય આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
છોટાઉદેપુર